**શ્રી ગ્રેટર બોમ્બે વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘ**
Shree Greater Bombay Vardhman Sthanakvasi Jain Mahasangh-Mumbai સંચાલિત
**માતુશ્રી મણિબેન મણશી ભીમશી છાડવા ધાર્મિક બોર્ડ**
Matushree Maniben Manshi Bhimshi Chhadva - Dharmik Shikshan Board
વાર્ષિક પરીક્ષા **જૈનશાળા / મહિલામંડળ / મિત્રમંડળ / યુવા ગ્રુપ નું પેપર**

**સવાલ સાથે જવાબ પેપર**

તા. ૦૭-૦૮-૨૦૧૬ • સમયઃ બપોરે ૨ થી ૫.૩૦ • શ્રેણી **૧૨** • ગુણ : ૧૦૦

**(Dharmik Shikshan Board Certificate Course Level : 12**

પ્રશ્ન - ૧ : મોટા બાંસઠિયાના આધારે નીચેના પ્રશ્નોના યોગ્ય જવાબ લખો. ૩૫

(ક) (માત્ર અંકમાં કોઈ પણ આઠ) (૮)

જવાબ-૧:(ક)

(૧) તિર્યંચાણી (૨) પંચેન્દ્રિય (૩) અયોગી (૪) તેજોલેશી (૫) અજ્ઞાની
(૬) યથાખ્યાત ચારિત્રી (૭) સૂક્ષ્મ (૮) જુગલિયા (૯) અભવ્ય (૧૦) આહારક શરીર.

| | બોલનું નામ | જીવના ભેદ | ગુણસ્થાન | યોગ | ઉપયોગ | લેશ્યા |
|---|---|---|---|---|---|---|
| (૧) | તિર્યંચાણી | ૨ (સંજ્ઞીના ૫,અ.) | ૧ થી ૫ | ૧૩ (આહારક વર્જીને) | ૯ | ૪ (પ્રથમ) |
| (૨) | પંચેન્દ્રિય | ૪ | ૧ થી ૧૨ | ૧૫ | ૧૦ | ૬ |
| (૩) | અયોગી | ૧ (સંજ્ઞીનો ૫.) | ૧ (ચૌદમું) | - | ૨ (કેવળના) | નથી |
| (૪) | તેજોલેશી | ૩ | ૧ થી ૭ | ૧૫ | ૧૦ | ૧ તેજો. |
| (૫) | અજ્ઞાની | ૧૪ | ૨ (પહેલું,ત્રીજું) | ૧૩ | ૬ | ૬ |
| (૬) | યથાખ્યાત ચારિત્રી | ૧ | ૪ (૧૧થી ૧૪) | ૧૧ | ૯ | ૧ |
| (૭) | સૂક્ષ્મ | ૧(સૂ.એ.ના ૫, અપ.) | ૧ (પ્રથમ) | ૩ | ૩ | ૩ (પ્રથમ) |
| (૮) | જુગલિયા | ૨ (સંજ્ઞીના) | ૨ (૧, ૪) | ૧૧ | ૬ | ૪ (પ્રથમ) |
| (૯) | અભવ્ય | ૧૪ | ૧ (પ્રથમ) | ૧૩ | ૬ | ૬ |
| (૧૦) | આહારક શરીર | ૧ (સંજ્ઞીનો ૫.) | ૨ (૬, ૭) | ૧૨ | ૭ | ૬ |

(ખ) સંપૂર્ણ બાસઠિયો લખો : (કોઈ પણ ચાર) (૮)

(૧) સમુચ્ચય કેવળી (૨) સમુચ્ચય સમકિતી (૩) સકષાયી (૪) ત્રસકાય (૫) વચનયોગી.

જઃ ખ - ૧ : (૧) **સમુચ્ચય કેવળી** = જીવના ભેદ - ૨ સંજ્ઞીના ૫. અને અપ.
ગુણસ્થાન = ૧૧ તે ૪ થી ૧૪ જોગ= ૧૫ ઉપયોગ= ૯ તે ૩ અજ્ઞાન વર્જીને
લેશ્યા = ૬

(૨) **સમુચ્ચય સમકિતી** = જીવના ભેદ = ૬, ૧, બે ઇન્દ્રિયનો, ૨ તેઈન્દ્રિયનો, ૩, ચૌરેન્દ્રિયનો, ૪, અસંજ્ઞી પંચેન્દ્રિય એ ૪ના અપર્યાપ્તા અને ૫ સંજ્ઞી પંચેન્દ્રિયના અપર્યાપ્તા અને ૬, પર્યાપ્તા, ગુણસ્થાન = ૧૨. પહેલું અને ત્રીજું વર્જીને જોગ=૧૫. ઉપયોગ= ૯. ૩ અજ્ઞાન વર્જીને, લેશ્યા= ૬.

(૩) **સકષાયી** = જીવના ભેદ = ૧૪, ગુણસ્થાન = ૧૦, પ્રથમના જોગ = ૧૫ ઉપયોગ = ૧૦, કેવળજ્ઞાન, કેવળદર્શન વર્જીને, લેશ્યા = ૬.

(૪) **ત્રસકાય** = જીવના ભેદ = ૧૦ તે ૪ એકેન્દ્રિયના વર્જીને, ગુણસ્થાન=૧૪, જોગ = ૧૫, ઉપયોગ = ૧૨, લેશ્યા = ૬.

(૫) **વચનયોગી** = જીવના ભેદ = ૫, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, અસંજ્ઞી પંચેન્દ્રિય, સંજ્ઞી પંચેન્દ્રિય એ પાંચના પર્યાપ્તા, ગુણસ્થાન=૧૩ (પ્રથમના), જોગ = ૧૪ તે કાર્મણ વર્જીને, ઉપયોગ = ૧૨, લેશ્યા = ૬.

(ગ) માગ્યા પ્રમાણે કરો : (૬)

(૧) ચક્ષુદર્શનમાં ગુણસ્થાન (૨) ભાષકમાં જોગ (૩) અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં લેશ્યા

(૪) સંજતિમાં જીવના ભેદ (૫) વિભંગજ્ઞાનીમાં લેશ્યા (૬) અકષાયીમાં ગુણસ્થાન.

**જવાબ-(ગ) (૧) ચક્ષુદર્શનમાં ગુણસ્થાન = ૧૨ પ્રથમના**

**(૨) ભાષકમાં જોગ = ૧૪ તે કાર્મણનો વર્જીને.**

**(૩) અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિયમાં લેશ્યા = ૩ પ્રથમ**

**(૪) સંજતિમાં જીવના ભેદ = ૧ સંજ્ઞીનો પર્યાપ્તો.**

**(૫) વિભગંજ્ઞાનીમાં લેશ્યા = ૬**

**(૬) અકષાયીમાં ગુણસ્થાન = ૪ (૧૧થી ૧૪)**

(ઘ) અલ્પ બહુત્ત્વ લખો : (કોઈ પણ ચાર) (૮)

(૧) શરીરદ્વાર (૨) દર્શનદ્વાર (૩) પરિતદ્વાર (૪) યોગદ્વાર (૫) સંજ્ઞીદ્વાર

**જવાબ-(ઘ) (૧) શરીરદ્વાર =** ૧) સર્વથી થોડા આહારક શરીર
૨) તેથી વૈક્રિય શરીર અસંખ્યાતગુણા
૩) તેથી ઔદારિક શરીર અસંખ્યાતગુણા
૪) તેથી તૈજસ-કાર્મણ શરીર માંહોમાંહી તુલ્યને અનંતગુણા

**(૨) દર્શનદ્વાર =** ૧) સર્વથી થોડા અવધિદર્શની (અસંખ્યાત)
૨) તેથી ચક્ષુદર્શની અસંખ્યાતગુણા
૩) તેથી કેવળદર્શની અનંતગુણા
૪) તેથી અચક્ષુ દર્શની અનંતગુણા.

**(૩) પરિત્ત દ્વાર=** ૧) સર્વથી થોડા પરિત્ત
૨) તેથી નોપરિત્ત નોઅપરિત્ત અનંતગુણા
૩) તેથી અપરિત્ત અનંતગુણા

**(૪) યોગદ્વાર =** ૧) સર્વથી થોડા મનયોગી અસંખ્યાતા
૨) તેથી વચનયોગી અસંખ્યાતગુણા
૩) તેથી અયોગી અનંતગુણા
૪) તથી કાયયોગી અનંતગુણા
૫) તેથી સયોગી વિશેષાધિક

(૫) સંજ્ઞીદ્વાર = ૧) સર્વથી થોડા સંજ્ઞી અસંખ્યાત
૨) તેથી નોસંજ્ઞી નોઅસંજ્ઞી અનંતગુણા
૩) તેથી અસંજ્ઞી અનંતગુણા

(ચ) માગ્યા પ્રમાણે જવાબ આખો : (૫)

(૧) મોટા બાંસઠિયાની પ્રથમ ગાથા લખો.

**જવાબ-(ચ) (૧) જીવ, ગઈ, ઇંદ્રિય, કાએ, જોગ, વેદ, ક્ષાય, લેસ્સા ।**
**સમ્મત્તં, નાણ, દંસણ, સંજય, ઉવયોગ, આહારે ॥**

(૨) તિર્યંચ ગતિમાં કેટલા ગુણસ્થાન હોય ? શા માટે ?

**જ : (૨) તિર્યંચગતિમાં ગુણસ્થાાન પ્રથમ પાંચ હોય છે, કારણ કે તિર્યંચમાં પણ શ્રાવક હોઈ શકે માટે, ૧ થી ૫ ગુણસ્થાન હોય.**

(૩) મનુષ્યાણીમાં જોગ કેટલા હોય ? શા માટે ?

**જ : (૩) મનુષ્યાણીમાં ૧૩ જોગ હોય કારણ કે મનુષ્યાણીને ૧૪ પૂર્વનું જ્ઞાન હોતું નથી માટે આહારક લબ્ધિ કે આહારક શરીર ન હોય.**

(૪) કેવળજ્ઞાનીને કેટલા ઉપયોગ હોય ? કયા કયા ?

**જ : (૪) કેવળજ્ઞાનીને બે ઉપયોગ હોય. કેવળજ્ઞાન અને કેવળદર્શન હોય.**

(૫) બાંસઠિયાના ૧૯મા દ્વારનું અને ૯મા દ્વારનું નામ લખો.

**જ : (૫) બાંસઠિયાના ૧૯મા દ્વારાનું નામ = સંજ્ઞીદ્વાર.**

**૯મા દ્વારનું નામ = સમકિતદ્વાર.**

---

**પ્રશ્ન – ૨ : રૂપી – અરૂપીના આધારે જવાબ લખો : ૧૦**

(ક) (૧) અરૂપીના કેટલા બોલ છે ? અરૂપી બોલની પ્રથમ ગાથા લખો. (૫)

**જવાબ (ક) (૧) અરૂપીના ૬૧ બોલ છે.**

**પાવ ઠાણા વિરઈ, ચઉ ચઉ બુદ્ધિ ઉગ્ગહે ।**

**સન્ના ધમ્મત્થી પંચ ઉઠાણં, ભાવ લેસ્સાત્તિ દિટ્ઠીય ॥**

(૨) રૂપી ચૌસ્પર્શીના કેટલા બોલ છે ? રૂપી આઠ સ્પર્શીના કેટલા બોલ છે ?

**જ : (૨) રૂપી ચૌસ્પર્શીના ૩૦ બોલ છે, રૂપી આઠ સ્પર્શીના ૫૧ બોલ છે.**

(૩) ભાવ લેશ્યા રૂપી છે કે અરૂપી ? શા માટે ?

**જ : (૩) ભાવ લેશ્યા અરૂપી છે, કારણ કે ભાવ લેશ્યા આત્માના પરિણામ છે માટે અરૂપી છે.**

(૪) છ દ્રવ્યમાંથી કેટલાં દ્રવ્ય રૂપી છે ? તે કયાં હોય ?

**જ : (૪) છ દ્રવ્યમાંથી માત્ર એક પુદ્ગલ દ્રવ્ય જ રૂપી છે. તે માત્ર લોકમાં છે.**

(૫) આઠ સ્પર્શના નામ લખો.

**જ : (૫) આઠ સ્પર્શના નામ = શીત, ઉષ્ણ, લૂખો-સ્નિગ્ધ, સૂક્ષ્મ પરિણામી સ્પર્શ છે.**
**હળવો, ભારે, ખરખરો, સુંવાળો બાદર પરિણામી સ્પર્શ છે.**

**(ખ) નીચેના બોલ રૂપી છે કે અરૂપી તે લખો અને કેટલા સ્પર્શી હોય ? (કોઈ પણ પાંચ): (૫)**

(૧) સત્ય (૨) સિધ્ધશીલા (૩) મોહનીયકર્મ (૪) ઔદારિક શરીર (૫) માયામોસા (૬) ઉત્થાન

**જ :(ખ)**

| | | | |
|---|---|---|---|
| ૧) સત્ય | = અરૂપી - સ્પર્શ નથી | ૪) ઔદારિક શરીર | = રૂપી આઠ સ્પર્શી |
| ૨) સિદ્ધશિલા | = રૂપી - આઠ સ્પર્શી | ૫) માયામોસો | = રૂપી ચૌસ્પર્શી |
| ૩) મોહનીય કર્મ | = રૂપી ચૌસ્પર્શી | ૬) ઉત્થાન | = અરૂપી-સ્પર્શ નથી |

---

**પ્રશ્ન – ૩ : ઉપયોગ અધિકારના આધારે જવાબ લખો : (કોઈ પણ પાંચ) ૧૦**

**(ક) નીચેના જીવો કેટલા અને કયા ઉપયોગ લઈને નીકળે છે તે લખો : (૫)**

(૧) ભવનપતિના દેવ (૨) પૃથ્વીકાય (૩) ૩જી નારકીના જીવ

(૪) મન વગરની ગાય. (૫) મહાશુક્ર દેવલોકના દેવ (૬) કીડી.

**જવાબ (ક): (૧) ભવનપતિના દેવ = ૫ ઉપયોગ લઈને નીકળે. ૨ જ્ઞાન, ૨ અજ્ઞાન અને ૧ અચક્ષુદર્શન.**

**(૨) પૃથ્વીકાય = ૩ ઉપયોગ લઈને નીકળે. ૨ અજ્ઞાન, ૧ દર્શન.**

**(૩) ૩જી નારકીના જીવ = ૭ ઉપયોગ લઈને નીકળે. ૩ જ્ઞાન (પ્રથમ) બે અજ્ઞાન (પ્રથમ) ૨ દર્શન (અચક્ષુ, અવધિ)**

**(૫) મન વગરની ગાય ઉપયોગ લઈને નીકળે. ૨ અજ્ઞાન અને ૧ દર્શન.**

**(૫) મહાશુક્ર દેવલોકનો દેવ = ૭ ઉપયોગ લઈને નીકળે. ૩ જ્ઞાન, બે અજ્ઞાન અને ૨ દર્શન (અચ. અવધિ.)**

**(૬) કીડી = ૩ ઉપયોગ લઈને નીકળે. ૨ અજ્ઞાન અને ૧ દર્શન.**

**(ખ) નીચેના પ્રશ્નોના જવાબ લખો : (૫)**

(૧) ઉપયોગની વ્યાખ્યા લખો. તેના પ્રકાર કેટલા ? કયા કયા ?

**જ : (૧) ઉપયોગ એટલે જ્ઞાન અને દર્શનમાં આત્માની પ્રવૃત્તિ. આત્માનો સ્વભાવ. તેના બે પ્રકાર છે (૧) સાકાર ઉપયોગ એટલે જ્ઞાનનો ઉપયોગ. (૫ જ્ઞાન, ૩ અજ્ઞાન). (૨) અનાકાર ઉપયોગ એટલે દર્શનનો ઉપયોગ. (૪ દર્શન)**

(૨) કયું જ્ઞાન લઈને અન્ય ગતિમાં જઈ શકાતું નથી.

**જ : (૨) મન-પર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન લઈને અન્ય ગતિમાં જવાતું નથી.**

(૩) નરકમાં સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય તથા સંજ્ઞી મુનષ્ય જો સમકિત લઈને આવે તો કેટલા ઉપયોગ લઈને આવે ? કયા કયા ?

**જ : (૩) નરકમાં સંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય તથા સંજ્ઞી મનુષ્ય જો સમકિત લઈને આવે તો ૩ જ્ઞાન એ ૨ દર્શન, ૫ ઉપયોગ લઈને આવે.**

(૪) અવધિજ્ઞાન લઈને કઈ ગતિમાં ઉત્પન્ન થવાય ?

**જ : (૪) અવધિજ્ઞાન લઈને તિર્યંચ સિવાયની ત્રણે ગતિમાં સંજ્ઞીપણે ઉત્પન્ન થવાય.**

(૫) કયા ચાર ઉપયોગ લઈને ચારે ગતિમાં કોઈ જતું કે આવતું નથી ?

**જ : (૫) મનઃપયવિજ્ઞાન, કેવળજ્ઞાન, ચક્ષુદર્શન અને કેવળદર્શન આ ચાર ઉપયોગ લઈને ચારે ગતિમાં કોઈ જતું કે આવતું નથી.**

---

**પ્રશ્ન - ૪ : સંસ્કાર વિભાગના આધારે જવાબ લખો** ૧૦

(૧) ધર્મ શામાં છે ? કથન પૂરું કરી સમજાવો. (૨)

**જ : (૧) ધર્મ સરળતામાં છે. માટે ભૂલ કબૂલ કરવી જોઈએ. જે હૃદયમાં માયા હોય ત્યાં ધર્મનો પ્રવેશ થતો નથી. સરળ હૃદયમાં ધર્મ વસે છે. એવી જ રીતે એક જૂઠ બોલવું તો સહેલું છે, પરંતુ તેના બચાવમાં બીજા સો જૂઠથી બચવું અઘરું છે. માટે સરળતાથી ભૂલ કબૂલ કરતાં શીખવું જોઈએ. જ્યાં માયા હોય ત્યાં ભૂલ સ્વીકારવી અઘરી છે પરંતુ ભૂલને સ્વીકારવાથી માયા ટકતી નથી.**

(૨) તિર્યંચ ગતિનું આયુષ્ય કયા ચાર કારણથી બંધાય છે ? સમજાવો. (૨)

**જ : તિર્યંચ ગતિનું આયુષ્ય બાંધવાના ચાર કારણ છે. માયા કરે, ગાઢ કરે માયા, જૂઠુ બોલે, ખોટાં તોલ માપ રાખવા. આ ચારે કારણમાં માયા જ મુખ્ય છે. માયા જ તિર્યંચ ગતિનો રાજમાર્ગ છે.**

(૩) પર પુદ્ગલમાં શું નથી ? શા માટે શેની ચિંતા કરવી જોઈએ ? સમજાવો. (૨)

**જ : (૩) પર પુદ્ગલમાં સુખ નથી. માટે પરભવની ચિંતા કરવી જોઈએ. કારણ કે પુદ્ગલ-જડ વસ્તુનો જ લોભ જાગે છે. તૃષ્ણા, આસક્તિ વગેરે થાય છે. પરંતુ જડમાં પર પુદ્ગલમાં સાચું સુખ નથી. તો એનો લોભ કરીને વધુ દુઃખ શા માટે થવું જોઈએ. આ ભવની ચિંતા લોભ કરાવે છે. તો લોભથી બચવા પરભવની ચિંતા કરવી જોઈએ. લોભ અને પાપમાં મરવાથી પરભવ બગડે છે.**

(૪) ક્રોધને વશ બની અન્યને કડવા શબ્દો કહેવાઈ જાય ત્યારે આમ વિચારાય, આમ બોલાય. કોઈ પણ બે મુદ્દા લખો. (૨)

**જ : (૪) ક્રોધને વશ બની અન્યને કડવા શબ્દો કહેવાઈ જાય ત્યારે આમ વિચારાય, આમ બોલાય. (૧) ક્રોધમાં કડવા શબ્દો બોલવાથી પરસ્પરની સદ્ભાવના ઘટે છે. જીવનની શાંતિ જોખમાય છે. (૨) પ્રતિકૂળ સંયોગો મારા અશુભ કર્મનું ફળ છે. તેમાં ક્રોધ કરવાથી નવા અશુભ કર્મ બંધાશે.**

(૫) આત્મસાધનાના સોપાન કેટલાં છે ? મારા આત્મશત્રુ કોણ છે ? અને મારા આત્મગુણો કયા છે ? તે લખો. (૨)

**જ : (૫) આત્મસાધનાના સોપાન બાર છે. રાગ-દ્વેષ, વિષય અને કષાય, પાપ અને પ્રમાદ જેવા દુર્ગુણો આત્મશત્રુ છે. ક્ષમા, સંતોષ વગેરે આત્માના અનંતગુણ છે તેમ જ જ્ઞાન અને દર્શન આત્માનો ગુણ છે.**

---

**પ્રશ્ન - ૫ : કથા વિભાગના આધારે જવાબ લખો :** ૧૦

(૧) ઇન્દ્રએ મહેલ સળગવાનો નિર્દેશ કર્યો તો નમિરાજર્ષિએ શો જવાબ આપ્યો ? (૨)

**જ : (૧) નમિરાજાએ જવાબ આપ્યો કે, હે બ્રાહ્મણ ! જેમાં મારી કોઈ વસ્તુ નથી એવી મિથિલાનગર બળી રહી છે, પરંતુ તેમાં મારું કાંઈ બળતું નથી. મને રાજ્ય, પુત્ર, પત્ની, ઘર, ખેતી, વ્યાપાર વગેરે સાંસારિક પદાર્થોમાં જરા પણ મોહ કે મમત્વ**

નથી. સાધુ બધી જ પરિસ્થિતિમાં સમભાવ રાખે છે. હું એકલો જ છું. મારું કોઈ નથી. આવી એકત્વ ભાવાનું ચિંતન જ મારા માટે કલ્યાણરૂપ છે.

(૨) ઇન્દ્રએ ભંડારમાં વધારો કરવાની પ્રેરણા કરવા પર નમિરાજાએ શુ જવાબ આપ્યો ? (૨)

જ : (૨) ઈન્દ્રને આ પ્રશ્નનો જવાબ આપતાં નમિરાજર્ષિએ કહ્યું કે, જેની પાસે સોના-ચાંદીના કૈલાસ જેવા પર્વત હોય તો પણ મનુષ્યને સંતોષ થતો નથી. કારણ કે મનુષ્યની ઈચ્છા આકાશની જેમ અનંત છે. પૃથ્વી પરના તમામ પદાર્થો પણ મનુષ્યની ઈચ્છાપૂર્તિ માટે પૂરતા નથી. એવું જાણીને વિદ્વાન સાધક તપનું આચરણ કરે, સંયમ ગ્રહણ કરે અને ઈચ્છાઓનો નિગ્રહ કરે તે જ શ્રેષ્ઠ છે

(૩) દેવદત્તા અહીંથી મરીને ક્યાં જશે ? મનુષ્ય ભવમાં ક્યાં જન્મ લેશે ? (૨)
ત્યાંથી ક્યાં જશે અને કેવી રીતે સિધ્ધ થશે ?

જ : (૩) દેવદત્તા અહીં ૮૦ વર્ષનું આયુષ્ય ભોગવી મરણ પામી. રત્નપ્રભા નામની પ્રથમ નરકમાં ઉત્પન્ન થશે. ત્યાંથી તિર્યંચના ભૂજપર આદિ રૂપમાં જન્મીને ત્યાંથી બીજી નરકમાં ત્યાંથી તિર્યંચમાં ખેચર આદિ રૂપ જન્મીને ત્રીજી નરકમાં આમ તિર્યંચ આદિમાં જન્મી ચોથી, પાંચમી, છઢ્ઢી, સાતમી નરકમાં જન્મ ધારણ કરશે. ત્યાર બાદ ચૌરેન્દ્રિય, તેઈન્દ્રિય, બેઈન્દ્રિય, એકેન્દ્રિય આદિમાં લાખો વાર મરણ પામી વારંવાર તેમાં ઉત્પન્ન થશે. ત્યાર બાદ ત્યાંથી નીકળી ગંગપુર નગરમાં શ્રેષ્ઠી પુત્રરૂપે ઉત્પન્ન થશે. ત્યાં જૈન ધર્મ પામી આરાધના કરી સુધર્મા નામના પ્રથમ દેવલોકમાં ઉત્પન્ન થશે. ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થશે. ત્યાં ચારિત્ર ગ્રહણ કરીને તેનું યથાવત્ પાલન કરીને સિદ્ધિ પામશે.

(૪) દેવદત્તા એ કયા સૂત્રનો અધિકાર, કયા અધ્યયનનો અધિકાર છે ? (૨)

જ : (૪) દેવદત્તા દુઃખવિપાક સૂત્ર અધ્યયન - ૯નો અધિકાર છે. દેવદત્તા વાર્તાનો **ઉપસંહાર :** સંસારના સ્વાર્થપૂર્ણ સંબંધોનું સ્પષ્ટ ચિત્ર આ અધ્યયનમાં અંકિત કર્યું છે. એક રાજા ૪૯૯ સાસુને જીવતી સળગાવી દે છે અને વહુ ૧૦૦ વર્ષનાં સાસુની હત્યા કરી નાખે છે. રાજકુળમાં મળેલું સુખ પણ કેટલું ભયંકર દુઃખદાયી બન્યું ! આ જાણી દુર્લભ માનવભવનું સ્વાગત ધર્માચરણ દ્વારા કરી જીવનસફળ બનાવવું જોઈએ. ચંચળ લક્ષ્મી અને સ્વાર્થી સંબંધોનો ત્યાગ કરી સંયમ તપમાં પુરુષાર્થ કરવો જોઈએ.

(૫) જ્યાં અનેક છે ત્યાં સંઘર્ષ, દુઃખ છે, જ્યાં એક છે ત્યાં શાંતિ છે,
આ કથન નમિ પ્રવજ્યા વાર્તાના આધારે સમજાવો.

જ : (૫) અતિ વેદના ભોગવતા રાજા રાજર્ષિને કંકણોનો અવાજ અપ્રિય લાગ્યો. (૨)
જયારે એક કંકણનો અવાજ થાય કયાંથી ? આ ઘટના ઉપરથી રાજાનું હૃદયપરિવર્તન થયું. તેમને નવો પ્રકાશ મળ્યો. જ્યાં અનેક છે ત્યાં સંઘર્ષ, દુઃખ છે, પણ જ્યાં એક છે ત્યાં શાંતિ છે અર્થાત્ જ્યાં શરીર, ઈન્દ્રિય, મન, ધન, પરિવાર વગેરે પર ભાવો છે ત્યાં દુઃખ છે, જયાં માત્ર એકત્વ ભાવ છે, આત્મભાવ છે ત્યાં દુઃખ નથી. જ્યાં સુધી બધું જ છે ત્યાં સુધી હું દુઃખી છું, પરંતુ જ્યારે આ સર્વ છોડી હું એકાંકી બનીશ ત્યારે જ સુખી થઈશ. આમ વિચારી તેમણે દીક્ષા ગ્રહણ કરવાનો સંકલ્પ કર્યો.

---

પ્રશ્ન - ૬ : કાવ્ય વિભાગના આધારે પંક્તિ પૂરી કરો : ૧૦

(૧) આજ સુધી .................... ગુરુને નમે છે. (૨½)

જવાબ - ૬ : (૧) આજ સુધી નહોતું સમજાયું, એવું મને સમજાયું,
સંસારનું સુખ લાગ્યું કાચું, મારું જીવન આખું બદલાયું.
મસ્તક મારું એવા ગુરુને નમે છે.

(૨) દર્દોની આ .................... બળ દેજો. (૨½)

જ : (૨) દર્દોની આ પીડા રડવાથી મટશે નહીં,
કલ્પાંત કરું તો પણ, આ દુઃખ તો ઘટશે નહિ.
દુર્ધ્યાન નથી કરવું, એવું નિશ્ચયથી બળ દેજો.

(૩) દીન દુઃખીને .................. વીરની વાણી. (૨ $^{૧}/_{૨}$)

જ : (૩) દીન દુઃખીને સુખી થવાનો, મારગ એ બતલાવે
જાદુ ભરેલાં વેણ કરીને, પાપીઓ પીગળાવે,
પાષાણને કરતો પાણી, એવી પ્રભુ વીરની વાણી.

(૪) ઓ ચૈતન્યરાય ................ મસ્ત બની જાઉં. (૨ $^{૧}/_{૨}$)

જ : (૪) ઓ ચેતનરાય, હું તને ભજવામાં સદા મસ્ત બની જાઉં
ઓ આતમદેવ ! તારા અનહદ આનંદમાં સદા હું મસ્ત બની જાઉં.

---

**પ્રશ્ન – ૭ : સામાયિક પ્રતિક્રમણ આદિના આધારે જવાબ લખો :** **૧૫**

**(ક) મૂળ માગધી શબ્દ લખો :** (૪)

(૧) વારંવાર ભોગવાય તે (૨) મર્યાદાની બહારથી ચાકર દ્વારા વસ્તુ મંગાવી હોય અથવા વસ્તુ મોકલી હોય. (૩) ઘણું સૂતા રહેવાથી (૪) જીવ તથા અજીવ ઉપર દ્વેષભાવ કરવો.

જવાબઃ (ક) (૧) વારંવાર ભોગવાય તે = પરિભોગ વિહિં
(૨) મર્યાદાની બહારથી ચાકર દ્વારા વસ્તુ મંગાવી હોય અથવા વસ્તુ મોકલી હોય પેસવણપ્પઓગે.
(૩) ઘણું સૂતા રહેવાથી = પગામસિજ્જાએ
(૪) જીવ તથા અજીવ ઉપર દ્વેષભાવ કરવો = પાઉસિયાએ

**(ખ) નીચેના શબ્દોના ગુજરાતી અર્થ લખો :** (૨)

(૧) સદેણં (૨) સાયા ગારવેણં (૩) સુયસ્સ આસાયણાએ (૪) સમયં

જવાબ -ખ : (૧) સદેણં = શબ્દથી
(૨) સાયા ગારવેણ = શારીરિક, માનસિક સુખ સામગ્રીનો ગર્વ કરવાથી
(૩) સુયસ્સ આસાયણાએ = શ્રુતની આશાતનાથી
(૪) સમયં = સમ્મત (માનવા યોગ્ય)

**(ગ) નીચેના પાઠ પૂર્ણ કરો :**

(૧) અણુત્તર ................. મુત્તિમગ્ગં (૬)

જવાબઃ ગ : (૧) અણુત્તર કેવલિયં પડિપુન્નં નેઆઉયં સસુદ્ધં સલ્લકત્તણં સિદ્ધિમગ્ગં મુત્તિમગ્ગં

(૨) પુરે કમ્મિયાએ ........... જંઉગ્ગમેણં

જ : (૨) પુરે કમ્મિયાએ અદિટ્ઠહડાએ દગ સંસટ્ઠહડાએ રયસંસટ્ઠહડાએ,
પારિસાડણિયાએ પારિટ્ઠાવણિયાએ ઓહાસણભિક્ખાએ જંઉગ્ગમેણં

**(ઘ) નીચેના પ્રશ્નોના જવાબ લખો : (કોઈ પણ ત્રણ)** (૩)

(૧) કાલ પ્રતિલેખના એટલે શું ? તેનાથી શું લાભ થાય ?

જવાબ : ઘ : (૧) પ્રતિક્રમણ પછી સ્વાધ્યાય કરતા પહેલાં આકાશ આદિ સંબંધી કોઈ અસજઝાય નથી ને ? આ કાળ સ્વાધ્યાય માટે યોગ્ય છે કે નહિ જોવું તે પ્રતિલેખના છે, જેનાથી જ્ઞાનાવરણીય કર્મની નિર્જરા થાય છે.

(૨) મહામોહનીયના સ્થાન, બાર વ્રતના અતિચાર, આભ્યંતર પરિગ્રહ, કુલ કોટી અંકમાં લખો.

જ : (૨) મહામોહનીયના સ્થાન-૩૦, બાર વ્રતના અતિચાર= ૭૫, આભ્યંતર પરિગ્રહ = ૧૪, કુલ કોટી = ૧ ક્રોડ સાડી ૯૭ લાખ.

(૩) જઘન્ય અને ઉત્કૃષ્ટ કેવળી કેટલા ? અત્યારે ક્યાં છે ?

જ : (૩) જઘન્ય કેવળી ૨ ક્રોડ કેવળી, ઉત્કૃષ્ટ કેવળી = ૯ ક્રોડ કેવળી. અત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે.

(૪) ખંડિયં અને વિરાહિયં એટલે શું ?

જ : (૪) વ્રતનો એકાંશે ભંગ ખંડિયં અને સંપૂર્ણભંગ વિરાહિયં કહેવાય.

॥ જય જિનેન્દ્ર ॥